# ઇનોવેશન્સ ઇન ક્લિનિકલ રિસર્ચ પર કોન્ફરન્સ યોજાઇ

**ભાસ્કર ન્યૂઝ** । વડોદરા

પારૂલ આરોગ્ય સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા સંચાલિત બરોડા કોલેજ ઓફ ફાર્મસી દ્વારા વાઘોડિયા ખાતે તારીખ ૮ અને ૯ સપ્ટેમ્બરના રોજ 'ઇનોવેશન્સ ઇન ક્લિનિકલ રિસર્ચ' વિષય પર રાષ્ટ્રિય કક્ષાની નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સમાં મુખ્ય અતિથિ તરીકે મ.સ.યુનિના વા.ચા. ડૉ. રમેશ ગોયલ અને નાઇપરના ડાયરેક્ટર ડો. હરીશ પાડ હાજર રહ્યાં હતા.

આ કોન્ફરન્સ અંતર્ગત કે.ઇ. મેડિકલ કોલેજના ક્લિનિકલ ફાર્મેકોલોજી વિભાગના વડા ડૉ. ઉર્મિલા થતેએ હર્બલ ડ્રગ રિસર્ચ ઉપર પોતાનું વ્યાખ્યાન રજૂ કર્યુ હતું. જેમાં તેમણે એલોપેથીની જગ્યાએ આયુર્વેદિક અને હર્બલ દવાઓ ઉપર વધતા જતા ક્લિનિકલ રિસર્ચ વિશે માહિતગાર કર્યા હતા.